# ગૂગણામણ??

આ બાર વારસદારો, ખલીફા, અમીરો અને ઇમામો ખરેખર કોણ છે તેની ચોકસાઇ માટે અમોને એક અન્ય સુન્ની વિદ્વાનની આવશ્યકતા છે.

વિખ્યાત અભ્યાસી અલ ઝહબી તઝકીરત અલ હુફ્ફાઝે ગ્રંથ ૪, પૃષ્ઠ ૨૯૮ અને ઇબ્ન હજર અલ અસ્કલાની અલ-દુર્રલ કમીનહ ગ્રંથ ૧, પૃષ્ઠ ૬૭ માં નોંધકરી છે કે સદરૂદ્દીન ઇબ્રાહીમ બીન મુહમ્મદ બીન અલ હમાવેય્હ અલ જુવ્યની કહે છે કે તેમણે અબદુલ્લાહ બિન અબ્બાસ પાસેથી જાણ્યું કે પયગમબરે કહ્યું કે, ''હું પયગમબરોમાં મૂખ્ય છું અને અલી ઇબ્ન અબી તાલિબ મારા મૂખ્ય વારસદાર છે. અને મારા પછી મારા બાર વરસદારો થશે તેમાં પ્રથમ અલી ઇબ્ન અબી તાલિબ અને અંતિમ અલ મહદી હશે.''

અલ જુવય્ની આગળ કહે છે કે ઇબ્ન અબ્બાસ પાસેથી જાણ્યુ કે પયગમબર કહેતા સંભળાયા કે ''અલ્લાહને શાક્ષી રાખી કહું છુ કે મારા પછી મારા બાર ખલીફા અને પ્રતિનિધીઓ નિઃશક બાર છે. તેમા પ્રથમ મારા બંધુ અને અંતિમ મારો પૂત્ર (પ્રપૌત્ર) છે. આપને પૂછયું ''એ અલ્લાહના સંદેશવાહક આપના બંધુ કોણ છે? પ્રત્યુત્તર વાળતા આપે કહ્યું, ''અલી ઇબ્ને અબી તાલીબ પછી આપને પૂછયુ ''આપનો પૂત્ર કોણ છે? પવિત્ર પયગંબરે કહ્યું ''અલ-મહદી'' જે પૃથ્વી જેવી રીતે અન્યાય અને અત્યાચારથી ભરપૂર છે તેવી જ રીતે તેને ન્યાય અને સમાનતાથી ભરી દેશે. જેણે મને ચેતવણી અને શૂભ માહિતી આપનાર બનાવ્યો તે સર્વાધીશ અલ્લાહ આ પૃથ્વીનું અસ્તિત્વ એક દિવસ પણ બાકી હશે તો મારા પૂત્ર મહદીના આગમન પર્યંત આ દિવસની અવધિ બંબાવશે પછી રૂહુલ્લા ઇબ્ન મરયમ (અ.) ને નીચે ઉતારશે જે મહદી પાછળ નમાઝ પડશે. તેના તેજથી પૃથ્વી ઝળહળી ઉઠશે. પૂર્વ અને પશ્ચિમમાં તેની આણ પ્રસરશે.''

અલ જુવયની આગળ વર્ણન કરતાં કહે છે કે અલ્લાહના સંદેશવાહકે માહિતી આપી કે, ''હું, અલી, હસન અને હુસેન અને તેમના નવ વંશજો નિષ્કલંકી અને નિર્મોહી છીએ.'' (અલ જુવયની, ફરાએદુસ્સીમતય્ન, મુઅસ્સસાત અલ મહમુદી લે-તબાઅહ, બૈરૂત ૧૯૭૮, પેજ ૧૬૦)

ઇસ્લામના વિવિધ સમુદાયોમાં માત્ર શીયા ઇમામીયા ઇશ્નાઅશરી (બાર શીયાઓ) આ હસ્તીઓને પયગમબર (અ.) ના ૧૨ સાચા વારસદારો માને છે અને ઇસ્લામનું રીપ્ર તેમની પાસેથી પ્રાપ્ત કરે છે.

જાબીર ઇબ્ન સબુરાએ કહ્યુ કે મે પયગમબરને કહેતા સાંભળ્યા કે

**''બાર સેનાપતિઓ થશે.''**

પછી આપ એક વાક્ય બોલ્યા જે હું સાંભળી ન શક્યો. ત્યાર પછી મારા પિતાશ્રીએ કહ્યું પયગમબરે ઉમેર્યું હતુ કે

**''તેઓ સર્વે કુરેશના વંશજો હશે''.**

(સહિહ અલ બુખારી (અંગ્રેજી) હદીસ ૯:૩૨૯ કીતાબુલ અહકામ, સહિહ અલ બુખારી (અરબી) ૪:૧૬૫ કીતાબુલ અહકામ)

પયગમબર (સ.)નું કથન

**કુરેશ વંશના ૧૨ ખલીફાઓ સાથે કયામતના દિન પર્યંત ધર્મનું (ઇસ્લામ) અસ્તિત્વ રહેશે.**

(સહિહ મુસ્લીમ (અંગ્રેજી) પ્રકરણ ડીસીસી એલ આઇ વી, વી૩, પૃ ૧૦૧૦ ટ્રેડીશન ૪૪૮૩, સહિહ મુસ્લીમ (અરબી) કીતાબ અલ ઇમામાહ, ૧૯૮૦ અરેબીયન આવૃતિ, ગંથ-૩, પૃ૧૪૫૩, ટ્રેડીશન ૧૦)

# કોણ છે પયગમબર (સ.) ના એ બાર વારસદારો!

## સુન્ની પંડિતોના મંતવ્યોઃ

### *ઈબ્ન અલ અરબી*

પવિત્ર પયગમબરના અવસાન પછીના અમોએ ૧૨ અમીરો ગણયા. તેઓના નામ છે અબુબકર, ઉમર, ઉસ્માન, અલી, હસન, મુઆવીયાહ, યઝીદ, મુઆવીયાહ ઈબ્ન યઝીદ, મરવાન, અબ્દ-અલ-મલિક ઈબ્ન મરવાન, યઝીદ બીન અબ્દ અલ મલીક, મરવાન બીન મુહમ્મદ બીન મરવાન, અસ્સફીઆહ, ..... આ પછી બની અબ્બાસથી ૨૭ ખલીફા થયા. હવે આપણે આમાના ૧૨નો વિચાર કરીએ તો સુલેમાન સુધીજ પહોંચાય. આપણે આનો અક્ષરસ અર્થ ધરાવીએ તો પાંચજ બચે. અને આમા ઉમેરો ચાર ન્યાયી ખલીફા અને ઉમર બીન અબ્દ અલ-અઝીઝ .... આ કહાણીનો અર્થ સમજવો મારા બસની વાત નથી.

(ઈબ્ન અલ અમીરી)

### *કાઝી ઈયાદ અલ યહસુબી*

ખલીફાઓની સંખ્યા અધિક છે. તે સંખ્યા ૧૨ પર્યંત સિમિત રાખવી યોગ્ય નથી. પવિત્ર પયગંબરે (સ.) વિધાન નથી કર્યું કે માત્ર બારજ થશે અને અધિક હોવાની શક્યતા નથી. આથી અધિકની શકયતા છે.

(અલ-નવવી, શરહ સહિહ મુસ્લીમ ૧૨ઃ૨૦૧-૨૦૨, ઈબ્ન હજર અસ્કલાની, ફત્હ અલ-બારી, ૧૬ઃ૩૩૯)

### *જમાલ અદ્દીન અલ સુયુતી*

કયામત સુધી ખલીફા માત્ર બારજ છે. તેમની સળંગતા નહી જળવાય તો પણ તેઓ સત્યનો માર્ગ અનુસરતા રહેશે. આપણે જોઇ શકીએ છીએ કે બારમાંથી ચાર સત્તાવાર ખલીફા છે. પછી હસન, મુઆવીયા, ઈબ્ન ઝુબેર અને છેવટે ઉમર બીન અબ્દ અલ-અઝીઝ. આ આઠજ થયા ચાર હજુ બાકી મહદી હોઇ શકે. અબ્બાસી નો સમાવેશ થઇ શકે કારણ કે ઉમર બીન અબ્દ અલ-અઝીઝ ઉમય્યાહ હતા તે પ્રમાણે તે એક અબ્બાસીનો પણ સમાવેશ કરી શકાય. આમ હજુ બે ઘટે છે. અહલુલ બય્તના હોવાથી તેમાનાં એક મહદી છે.

(અલ સુયુતી, તારીખ અલ-ખુલફા, પૃ ૧૨, ઈબ્ન હજર અલ હૈસની, અલ-સવાએક અલ મોહરેકા, પૃ. ૧૯)

### *ઈબ્ન હજરર્લ અસ્કલાની*

સહીહ બુખારીની આ ખાસ હદિસ વિષે કોઇ ને બહુ જાણ નથી. આ ઈમામો એક અને નિધારિત સમયે હાજર થશે. તેવુ નિવેદન યોગ્ય નથી.

(ઈબ્ન હજર અલ હૈસની, ફત્હલ બારી, ૧૬ઃ૩૩૮-૩૪૧)

### *ઈબ્ન અલ-જવઝી*

બની ઉમય્યામાંથી પ્રથમ ખલીફા યઝીદ ઈબ્ન મુઆવીયા અને અંતિમ મરવાન અલ હિમાર હતા. તેમનો સરવાળો તેર થાય છે. પવિત્ર પયગંબરના સાથીઓ હોવાથી ઉસ્માન, મુઆવીયા અને ઈબ્ન ઝુબેરનો સમાવેશ નથી કર્યો. (રસુલના) સાથી ??? મતભેદ હોવાથી અથવા અબ્દુલ્લા બીન ઝુબેરને જનતનુ સમર્થન હોવા છતા મુઆવીયા મરવાન બીન અલ હકીમ રાજી થયો હોવાથઈ તેને (હકીમને) રદ કરીએ તો સંખ્યા બાર થાય બની ઉમય્યાએ ખીલાફત ગુમાવતા મોટા પ્રમાણમાં અરાજકતા ફેલાણી જે બની અબ્બાસથી પુનઃ સ્થાપિત થઇ. આમ પ્રારંભિક પરિસ્થિતીમાં સંમુળગા ફેરફાર થયા.

(ઈબ્ન જવઝી, કશ્ફ-અલ-મુશ્કિલ)

### *અલ નવવી*

એનો અર્થ એ પણ થાય કે ઈસ્લામના સુવર્ણકાળ દરમ્યાન આ ઈમામો રહેશે. આ સમયે ઈસ્લામ સવોધાર ધર્મ બની રહેશે. આ ખલીફાઓ તેમના કારભાર દરમ્યાન ઈસ્લામને ગૌરવશીલ બનાવશે.

(અલ-નવવી, શરહ સહીહ અલ-મુસ્લિમ,૧૨ઃ૨૦૨-૨૦૩)

### *અલ બયહકી*

વહીદ ઈબ્ન અબ્દ અલ મલીક પર્યંત આ સંખ્યા (બાર) ઉપલબ્ધ છે. આ પછી આરજકતા અને અવ્યવસ્થા ફેલાણી. પછી અબ્બાસીદ પંથનો ઉદય થયો. આ મર્પહતીએ ઈમામોની સંખ્યામાં વૃધ્ધિ કરી છે. અશાંતિ પછીની થોડી લાક્ષલિક્તાઓની અવગણના કરીયે તો તેઓની સંખ્યા ઘણી વધશે.

(ઈબ્ને કસીર, તારીખ, ૬ઃ૨૪૯, અલ-સુયુતી, તારીખ અલ-ખુલફા, પૃ.૧૧)

### *ઈબ્ન કસીર*

જમાઅઆહનો અર્થ વલીદ ઈબ્ન યઝીદ ઈબ્ન અબ્દના સમય પર્ંત સમયાંતરે ખલીફા થયા તેવા થાય છે. તેનું બ્યહકીના અનુમોદનને જે પૃષ્ટિ આપે છે અને અનુસરે છે તેઓ અમારી માન્યતાનો અનાદર કરે છે અને અમારી ટીકા અને નિંદા પાત્ર છે.

આપણે ઈબ્ન ઝુબેરની ખિલાફત અબ્દ અલ મલિક પહેલાં હતી તેવુ સ્વીકારીએ તો સરવઆળો ૧૬ થાય. જ્યારે ઉમર ઈબ્ન અબ્દ અલ અઝીઝ પહેલા તેનો સરવાળો ૧૨ થવો જોઇએ. આ ગણત્રીમાં ઉમર ઈબ્ન અબ્દ્લ અઝીઝનો નહીં પણ યઝીદ ઈબ્ન મુઆવીયાનો સમાવેશ કરવો પડશે. એતો હકીકત છે કે બહુમતિ ઉલમાં ઉમર ઈબ્ન અબ્દ અલ અઝીઝને ન્યાયી અને સત્ય પ્રેમી ખલીફા તરીકે સ્વીકારે છે.

(ઈબ્ને કસીર, તારીખ, ૬ઃ૨૪૯-૨૫૦)